R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 27 DATE: 07-07-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## દેશમાં ટોળાશાહી દ્વારા કાયદો હાથમાં લઇને કરાતી હત્યાઓ અટકાવવાની જવાબદારી રાજ્યસરકારોની છેઃ હિંસાં પણ એક અપરાધ છે સુપ્રીમ કોર્ટ

ભારતમાં ગૌરક્ષાને નામે કાયદો હાથમાં લેવાની પ્રવૃત્તિ સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં કહ્યુ હતું કે હિંસા અટકાવવાની જવાબદારી રાજ્ય સરકારોની છે અને આ રીતે થતી હિંસા એક અપરાધ છે.દેશમાં ગૌરક્ષાને નામે હુમલા અને હત્યાઓ બાબતે ઉગ્ર વલણ અપનાવતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે ગૌરક્ષાના નામે થતી હિંસા અટકાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે અને આ પ્રકારની હિંસાઓ થવી જોઈએ જ નહીં. ગૌરક્ષાને નામં થતી હિંસા કોઈપણ રીતે સ્વીકાર્ય નથી.

ભારતના ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ એ.એમ.ખાનવિલકર, અને જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડની બેન્ચે જણાવ્યુ હતું કે ગૌરક્ષા ના નામે થતી હિંસા કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવી રાજ્ય સરકારોની જવાબદારી છે.બેન્ચે એક અવલોકનમાં જણાવ્યુ હતું કે ગૌરક્ષાના નામે કરાતી પ્રવૃત્તિ હકીકતમાં ટોળા દ્વારા આચરાતી હિંસા છે.જે એક અપરાધ છે.કોર્ટે સાથે સાથે એ પણ જણાવ્યુ હતું કે બાળકો ઉપાડી જવાની ઘટનાઓના નામે ફેલાતી અફવાઓ પણ જોખમી છે. તેના કારણે લોકો હિંસક બન્યા છે.અને કાયદો હાથમાં લઈ રહ્યા છે. જે પણ સ્વીકાર્ય નથી.તે અપરાધ જ છે. એક વર્ષ પહેલાં પણ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા,જસ્ટીસ અમિતાવ રોય અને જસ્ટીસ એ.એમ.ખાનવિલકરની બેન્ચે કેન્દ્ર અને રાજ્ય સરકારોને ગૌરક્ષાને નામે થતી હિંસા અટકાવવા માટે આકરાં પગલાં લેવાનો આદેશ આપ્યો હતો તેમ છતાં દેશમાં આ પ્રકારની ઘટનાઓ સતત નોધાઈ રહી છે.

આ કેસની સુનાવણીમાં બન્ચે સવાલ કર્યો હતો કે ગોરક્ષાને નામે હિંસા આચરતા લોકોને કોણ અટકાવશે ? આ પ્રકારના જુથો દ્વારા આચરાતી હિંસા અટકાવવા માટે કોઈક પ્રકારની વ્યવસ્થા અમલમાં હોવી જોઈએ. આ પ્રકારની હિંસાનો તાત્કાલિક અંત આવવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે આપેલા આદંશનું પાલન નહીં કરવા માટે અરજકર્તા તૃષાર ગાંધી દ્વારા રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશની ભાજપ સરકારો પર અદાલતની અવમાનનાની કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી.તેમણે ભાજપ સરકારો સામે મોરચો માંડ્યો હતો.ગૌરક્ષાને નામે આચરાતી હિંસા અટકાવવા માટે આકરાં પગલાં લેવા સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કેમ નથી કરાયું તેનો જવાબ આપવા સુપ્રીમે આ ત્રણેય રાજ્યોની સરકારોને આદેશ આપ્યો હતો.તૃષાર ગાંધી મહાત્માં ગાંધીના પૌત્ર છે.

દેશમાં પહેલા ગૌરક્ષક અને હવે બાળક ચોરની અફવા બાદ ટોળાકીય હિંસામાં વધારો થઈ રહ્યો છે.ટોળાએ અત્યાર સુધીમાં ૨૯ લોકોની હત્યા કરી નાંખી છે.તાજુ ઉદાહરણ મહારાષ્ટ્ર પુણેનું છે.જ્યાં ટોળાએ પાંચ લોકોને મારી મારીને હત્યા કરી નાંખી હતી.સુપ્રીમ કોર્ટે ગૃહમંત્રાલયને કહ્યુ હતું કે રાજ્યોના ડીજીપીને કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવે. જવાબમાં ગૃહમંત્રાલયે કહ્યુ કે આ સબંધમાં પહેલેથી જ સલાહ જારી કરી દેવામાં આવી છે.હાલમાં આ મુદ્દે કોર્ટે તેનો આદેશ સ્થગિત રાખ્યો છે.કોર્ટમાં બાળક ચોરીનો મુદ્દો પણ ઉઠ્યો હતો પરંતુ કોર્ટે તેના પર કોઈ ટિપ્પણી કરી નહોતી.તહસીન પુનાવાલ સહિતના ઘણા લોકોએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને ટોળાકીય હિંસાને નાથવા પગલાં ભરવાની માંગણી કરી હતી.

સોશ્યલ મીડીયા પર ફેલાયેલી અફવાને કારણે અત્યાર સુધીમાં ૨૯ લોકોની હત્યા કરી દેવા છે. દેશમાં વધી રહેલી અફવા પર લગામ કસવા માટે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. ગૃહમંત્રાલયે તમામ રાજ્યોના ડીજીપીને અફવા ફેલાવનારની સામે આકરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. ગૃહમંત્રાલયે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવીટ રજુ કરીને જવાબ આપ્યો હતો.દેશમાં વધી રહેલી ટોળાકીંય હત્યાને ગંભીર માનીને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંઘ્યો હતો.

## કેજરીવાલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટે ઉપરાજ્યપાલને સ્વતંત્ર સત્તાઓ નથીનો નિર્ણય કરી કેન્દ્ર સરકારની સામે મહત્વનો ચુકાદો આપ્યો

આમ આદમી પાર્ટીની અરવિંદ કેજરીવાલ સરકાર અને ઉપરાજ્યપાલ વચ્ચે અધિકારોની લડાઈમાં સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે મહત્વનો ચુકાદો આપી દિલ્હીની ચુંટાયેલી સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત ઉપરાજ્યપાલ માટે લક્ષ્મણરેખા આંકી દીધી હતી.દિલ્હીના ઉપરાજ્યપાલ સાથેના વહીવટી ખટરાગ પર દિલ્હીની આપ સરકારે સુપ્રીમ કોર્ટમાં ધા નાંખી હતી, જેના પગલે ચીફ જસ્ટીસ દીપક મિશ્રાની અધ્યક્ષતામાં પાંચ જજોની બંધારણીય બેન્ચે આ પેચીદા મામલા પર સુનાવણી હાથ ધરીને ચુકાદો આપ્યો હતો.સુપ્રીમે ચુકાદામા સ્પષ્ટ જણાવ્યુ હતું કે દિલ્હીના ઉપરાજ્યપાલ જનતા દ્વારા ચુંટાયેલી કેજરીવાલની સરકારની સલાહ માનવા અને મદદ કરવા બંધાયેલા છે.દિલ્હીની સરકાર અને ઉપરાજ્યપાલ બંને એકબીજાની સાથે મળીને કામ કરે.લોકશાહીમાં ચોક્કસ સિંધ્ધાન્તોને વળગી રહી શકાય નહીં. અથવા અંધાધુંધીને કોઈ સ્થાન નથી.કાયદો-વ્યવસ્થા,પોલીસ અને જમીનના મામલા સિવાય ઉપરાજ્યપાલ કેજરીવાલ સરકારની સલાહ માનવા બંધાયેલા છે.નિર્ણયો લેવાની વાસ્તવિક સત્તા ચુંટાયેલી સરકાર પાસે છે.નેશનલ કેપીટલ ટેરીટરી સરકારના અધિકાર ક્ષેત્રની બહારના અથવા બંધારણના આર્ટીકલ ૨૩૯ અંતગર્તના મામલામાં જ ઉપરાજ્યપાલ નિર્ણય લઈ શકશે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે સરકાર અને ઉપરાજ્યપાલ વચ્ચેના દરેક મંતવ્ય પરના મતભેદને નિર્ણય માટે રાષ્ટ્પતિ પાસે મોકલી શકાય નહીં.રાષ્ટ્રપતિને મોકલી આપતા મામલા રાષ્ટ્રીય હિતના હોવા જોઈએ.દિલ્હી સરકારે રોજીદા વહીવટના દરેક મામલામાં ઉપરાજ્યપાલની પરવાનગી લેવાની જરુર નથી. તેણે ફક્ત ઉપરાજ્યપાલને જાણ કરવાની રહેશે. જો કે સુપ્રીમ કોર્ટે દિલ્હીને સંપુર્ણ રાજ્યના દરજ્જાની માંગને નકારી કાઢી હતી.કોર્ટે જણાવ્યુ હતું કે દિલ્હી રાજ્ય નથી. ઉપરાજ્યપાલ રાજ્યપાલ નથી.તેઓ મર્યાદિત વહીવટદાર છે.લોકશાહીમાં સાચી સત્તા ચુટાયેલા પ્રતિનિધિઓ પાસે છે. તેઓ વિધાનસભાને જવાબદાર હોય છે.

## ૩૦ જુન સુધીમાં ૧૫,૧૮૭ ખેડુતોએ આત્મહત્યા કરી :વિદર્ભમાં દેવામાંફીના એકજ વર્ષમાં ૧૧૯૦ ખેડુતોએ મોતને વહાલું કર્યુ

ખેડુતોનું જીવન કુદરતના મિજાજ પર અવલંબે છે.ખેડુતોએ માટે શું ખાવું અને શું વાવવું એજ મુખ્ય સમસ્યા છે.મહારાષ્ટ્ર સરકારે જુ-૨૦૧૭માં કરજ માફી જાહેર કરી હતી. કરજ માંફીના એક વર્ષમાં અમરાવતી સહિત વર્ધા જિલ્લામાં ૧૧૯૦ ખેડુતોએ જીવન ટુંકાવ્યુ છે.છ મહિનામાં ૪૮૬ ખેડુતોએ મોત વહાલું કર્યુ છે.આ એક ભયંકર વાસ્તવિકતા છે.સરકારી સ્તરે ૧લી જાન્યુ.૨૦૦૧થી ખેડુતોની આત્મહત્યાની અલાયદી નોંધ રાખવામાં આવે છે.અમરાવતી વિભાગ સહિત નાગપુર વિભાગના વર્ધા જિલ્લામાં ૩૦મી જુન,૨૦૧૮ સુધીમાં ૧૫,૧૮૭ ખેડુતોએ આત્મહત્યા કરી છે. આ પૈકી ૬૮૦૨ પ્રકરણ પાત્ર,૮૨૪૩ પ્રકરણ અપાત્ર અને ૨૦૦ પ્રકરણે તપાસ બાકી છે. આ વરસમાં જાન્યુઆરી ૯૭ ફેબ્રુ.માં ૮૩, માર્ચમાં ૯૬, એપ્રીલમાં ૮૦ મે માં ૭૩ અને જુન મહિનામાં ૫૭ ખેડુતોએ જીવાદોરી ટુંકાવી છે. અમરાવતી વિભાગમાં દરરોજ ૩ દેવાદાર ખેડુત આત્મહત્યા કરી રહ્યા છે. મૃત્યુ પછી પણ ખેડુતોના કુટુંબીઓની ઉપેક્ષા થઈ રહી છે. દોઢ દાયકા પછી પણ આત્મહત્યા કરેલ ખેડુતના પરિવારને માત્ર એક લાખ રુપીયાની સહાય મળે છે.

## બેન્કોની કથળેલી હાલત માટે જરી પુરાણા કાયદો દોષિત છે : અરુણ જેટલી

બેન્કોની બિસ્માર હાલત માટે હવે મોદી સરકારે દોષનો ટોપલો જરીપુરાણા ભ્રષ્ટાચાર નિવારણ કાયદા પર ઢોળ્યો છે.કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ જણાવ્યુ હતું કે ૩ દાયકા જુનો પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટ નિર્ણયો લેવામાં વિલંબ કરે છે. તેને કારણે સરકારના હાથ બંધાઈ જાય છે.જેટલીએ જણાવ્યુ હતું કે આ કાયદામાં સુધારો કરવા તમામ રાજકીય પાર્ટીઓ સહકાર આપે. જો આ કાયદામાં સુધારો નહીં થાય તો સરકારી અધિકારીઓ અને બેન્કરોને નિર્ણયમાં વિલંબ માટે દોષિત ઠરાવી શકાશે નહીં.

જેટલીએ કહ્યુ હતું કે પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ સૌથી ખરાબ રીતે આલેખાયેલો કાયદો છે.આ કાયદો કેવળ ભ્રષ્ટાચારને લાંચ અથવા અપ્રમાણિક વર્તણુંકને પરંતુ પ્રમાણિકતાથી લેવાયેલા નિર્ણયોને પણ શંકાની નજરે જુએ છે.જેટલી એ પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટની ટીકા એવા સમયે કરી છે જ્યારે સરકારી બેન્કોના અડધો ડઝન સીઈઓ સામે બેડ લોન માટે ચાર્જશીટ દાખલ થઈ છે.અથવા તેમની ધરપકડ થઈ છે.જેટલીએ કહ્યુ હતું કે આ કાયદો એક એવી કાયદાકીય સિસ્ટમ ઊભી કરે છે જેમાં ૧૦ વર્ષ પછી કરાયેલી તપાસમાં લાભકારી નિર્ણયો ખામી યુક્ત જણાયા છે. અને લોકોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. આ બાબત બેન્કરો અને સરકારી અધિકારીઓને લાગુ પડે છે.એનડીએ સરકારે આ કાયદામાં સુધારો સુચવ્યો છે જેથી પાછળથી ખામીયુક્ત જણાયેલા લાભકારી નિર્ણયોને ભ્રષ્ટાચારમાં સામેલ ન કરાય,જો કે આ સુધારા ખરડો સંસદમાં પસાર થઈ શક્યો નથી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશને આર્થિક મોરચે આંચકો લાગ્યો છે.ભારતમાં સીધા વિદેશી રોકાણ(એફડીઆઇ)ના વૃધ્ધિદર પાંચ વર્ષની તળિયાની સ્થિતિએ પહોચી ગયો છે.વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૪.૮૫ અબજ ડોલરના રોકાણો આવવા સાથે એફડીઆઇ વૃધ્ધિદર ત્રણ ટકાની સપાટીએ પહોચ્યો છે.ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ દ્વારા આ માહીતી આપવામાં આવી છે.સરકારે દેશમાં બિઝનેસ શરુ કરવાના નિયમો ખુબ સરળ બનાવી દીધા હોવા છતાં વિદેશી રોકાણકારોમાં ઉત્સાહ જોવા મળતો નથી.દેશમાં ઉપભોક્તા અને રિટેલ ક્ષેત્રમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા અને જટિલતાને કારણે રિટેલ મોરચે એફડીઆઇમાં ઘટાડો નોધાયો છે.સરકાર પ્રયાસ તો કરી રહી છે પરંતુ આંતરરાષ્ટ્રીય રિટેલ કંપનીઓ ભારતમાં રોકાણ કરતાં હજજી ગભરાટ અનુભવી રહી છે.

ભારતમાં રોકાણ કરનારા દેશોમાં મોરેશિયસે સૌથી વધુ ૧૫.૯૪ અબજ ડોલરનું રોકાણ કર્યુ છે.ત્યાર બાદ સિંગાપુર,નેધરલેન્ડ,અમેરિકા,જાપાન વિગેરે દેશોએ ભારતમાં રોકાણ કર્યુ છે.ભારતમાં વિદેશી રોકાણોની મદદથી જ માળખાકીય સુવિધાનો વિકાસ થઇ રહ્યો છે.

વિદેશી રોકાણકારોએ ૨૦૧૮ના પહેલા ૬ મહિનામાં દેશના મુડી બજારમાંથી રુ.૪૮૦૦૦કરોડનું રોકાણ પાછુ ખેચ્યું છે.પરિણામે આર્થિક સંકટનો સામનો કરવાનો સમય આવ્યો છે.

## ગંગાને સ્વચ્છ કરવાને માટે કરોડો રુપીયાના આંધણ પછી પણ મોદી સરકાર ગંગાને શુધ્ધ કરી શકી નથી

ચુંટણી ટાણે ભારે મોટા વચનોની ભરમાળ ફેલાવતા રાજકીય પક્ષો પૈકીના ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ ગંગાને શુધ્ધ કરવા માટે હિદુત્વના પાસા પેટે એક કાર્ડ મત મેળવવા ફેકેલું.એનડીએની સરકારની રચના બાદ ગંગા શુધ્ધીકરણ પ્રોજેકટ માટે ખાસ નાણા ફાળવવામાં આવ્યા હતા. અને તેના માટે એક અલાયદા મંત્રીની નિમણુંક કરવામાં આવી હતી.બહુ બોલકા અને તેજાબી જબાન માટે જાણીતા ઉમા ભારતીને જ આ ખાતું સોપવામાં આવેલું. પરંતુ તેમણે ફાળવેલા નાણાંનો ઉપયોગ પણ કર્યો પરંતુ તેનાથી કોઇ ફર્ક પડ્યો નથી. આખરે તેઓ પ્રધાનપદું છોડીને ચાલ્યા ગયા છે.

અત્યાર સુધીમાં આવેલી સરકારોએ ગંગાને શુધ્ધ કરવાના નામે કરોડો રુપીયાનું આંધણ કર્યું છે પરંતુ તેમાં તેમને ધોર નિષ્ફળતા મળી છે.તેના પાછળ અનેક કારણો છે પરંતુ તે માટે પ્રમાણિક પ્રયત્નો કરવામાં કચાશ જરુર દેખાય છે.

વારાણસીમાં ગંગાના ઘાટો પર ચાર વર્ષની પહેલાની તુલનામાં પ્રદુષણ વધ્યું છે.મોદી સરકારે વર્ષ ૨૦૧૪માં ગંગા નદીને સ્વચ્છ કરવા મહત્વાકાંક્ષી નમામિ ગંગે યોજના શરુ કરી હતી. હવે એક આરટીઆઇના જવાબમાં ગંગા પુનરોધ્ધાર મંત્રાલયે જણાવ્યુ હતું કે ગંગાના પાણીમાં કોલિફોર્મ બેકટેરીયાનું દુષણ ૫૮ ટકા વધ્યું છે. ૧૦૦૦ મી.લી. પાણીમાં ૨૫૦૦થી વધુ કોલિફોર્મ માઇક્રો ઓર્ગેનિઝમ્સની હાજરી પાણીને નહાવા માટે પણ અસુરક્ષિત બનાવી દે છે.વારાણસીના માલિયા પુર ખાતેથી લેવામાં આવેલા નમુનામાં બેકટેરીયાનું દુષણ સત્તાવાર માપદંડો કરતાં ૨૦ ટકા વધુ છે.પાણીમાં અન્ય રોગજન્ય બેકટેરીયાનું પ્રમાણ પણ વધું છે.આમ ગંગા વધુ મેલી બની છે.છેલ્લા ચાર વર્ષમાં ગંગાને શુધ્ધ કરવા માટે વપરાયેલા નાણાં વેડફાઇ ગયા છે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૪૮)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૯૦ | એમબીએ.એમ.એસ.(આઇટી)અમેરીકા | ૬-૪-૯૨ | - | આર.સી. | કુંવારા |
| ૯૧ | હોટેલ મેનેજમેન્ટ અમેરીકા. | ૩૦-૧-૮૩ | - | અલાયન્સ | કુંવારા |
| ૯૨ | માસ્ટર ઈન કોમ્પ્યુ.સાયંસ.નેટવર્કીંગ એન્જી | ૧૪-૧૧-૮૯ | - | આર.સી. | કુંવારા |
| ૯૩ | બીએ,ડીપ્લો.ઈન મેનેજ.એન્ડ મ્યુઝીક લંડન | ૧-૭-૮૨ | ૩૫૦૦૦પા. | આર.સી. | કુંવારા |
| ૯૪ | ડેરી સાયંસ ટેકનો. કુવેત | ૧૫-૩-૯૧ | ૧.૨૦,૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૯૫ | બીકોમ. કોમ્પ્યુ. ડીપ્લો.મેનેજમેન્ટ લંડન | ૫-૫-૮૯ | ૨૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૯૭ | ડીએમટી.જીએનએમ | ૨-૧૦-૮૯ | ૧૪૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૯૯ | ૧૨પાસ.હોટેલ મેનેજ.૩ વર્ષ અંગ્રેજી મીડી. | ૨-૧૨-૮૭ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૦ | બીએસસી. કેમેસ્ટ્રી | ૧૮-૫-૭૯ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૨ | એમસીએ.(સોફ્ટ એન્જી) | ૨૨-૧૨-૮૭ | ૩૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૦૩ | એમકોમ.પીજીડીઆઇ કોમ્પ્યુ.હાર્ડ એન્ડ નેટ | ૨૧-૬-૮૬ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૦૪ | એમકોમ.ઈંગ્લીસ મીડી. | ૨૨-૫-૯૪ | ૧૫૦૦૦ | અલાયન્સ | કુંવારા |
| ૮૧૨ | ૧૨પાસ પીજીડીએમ.મલ્ટી મીડીયા કોર્ષ | ૧૪-૧૦-૮૫ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૩ | એફવાયબીકોમ.કોમ્પ્યુ.કોર્ષહાર્ડ એન્ડ નેટ | ૯-૧૧-૮૫ | ૧૫૦૦૦ | આઇ.પી. | કુંવારા |
| ૮૧૪ | બીએ.બીપીએડ.પીજીડીસીએ ટાટ પાસ | ૨૦-૧-૮૭ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૧૫ | બીકોમ. | ૫-૬-૬૧ | ૬૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૬ | બીએ(ઇંગ્લીંસ) પીજીડીસીએ | ૧૩-૬-૮૬ | ૯૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૧૭ | એમએ બીએડ એમબીએ | ૩૦-૩-૮૫ | ૨૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૧ | ડીપ્લોમાં ફાઇન આટ્સ | ૨૪-૧૧-૬૯ | ૧૫૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૩૨૨ | બીકોમ | ૫-૮-૮૯ | ૨૭૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૨૪ | ૧૨ પાસ | ૧૧-૮-૭૫ | ૧૫૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૩૬ | ૧૦ પાસ | ૮-૧૦-૬૮ | ૧૨૦૦૦ | અલાયન્સ | વિધુર |
| ૧૫ | ગ્રેજ્યુએટ,ડીપ્લો.હોસ્પી. કેનેડા. | ૨૦-૩-૮૧ | ૨૦૦૦ ડોલર | સીએનઆઇ | છુટાછેડા |
| ૧૬ | ડીપ્લો.એન્જી.કોમ્પ્યુનીટી વેલફેર ઓસ્ટ્રલીયા | ૨૯-૧૨-૮૫ | ૧,૭૫,૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૮) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૪ | બેઝીક બીએસસી નર્સીંગ લંડન | ૨૪-૩-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૪૭ | બી.ઈ.આઇ.ટી.કેનેડા | ૨૭-૧૨-૮૯ | - | આર.સી. | કુંવારી |
| ૪૯ | જીએનએમ ઈઝરાયેલ | ૩૦-૧૦-૯૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૧ | ફીજીયોથેરાપીસ્ટ | ૨૭-૨-૯૦ | - | આર.સી. | કુંવારી |
| ૫૨ | બીએસસી.એમબીએ. અમેરીકા | ૨૩-૭-૮૩ | ૭૦૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૫૭ | માસ્ટર ડીગ્રી.ફીઝીયોથેરાપી અમેરીકા | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારી |
| ૨૨ | બીબીએ(લંડન)એમબીએ આર્યલેન્ડ | ૨૨-૫-૮૫ | - | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૧ | બીકોમ જનરલ નર્સીંગ કેનેડા | ૨૯-૭-૭૮ | ૨૦૦૦ડોલર | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૩ | ફીજીયોથેરાપીસ્ટ ન્યુઝીલેન્ડ | ૧૬-૯-૮૭ | - | આઇ.પી. | વિધવા |
| ૫૦૧ | એમ.ફાર્મ | ૨૧-૧૦-૯૪ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૦૨ | બીઈ(આઇટી)એન્જી. | ૪-૧૦-૮૯ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૦૩ | બીઈ બાયો મેડીકલ એન્જી. | ૧૯-૫-૯૧ | ૩૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૦૪ | એમ.એ. બીએડ,એમફીલ | ૬-૧૦-૮૫ | ૬૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૦૫ | જીએનએમ. ૩ ૧/૨વર્ષ | ૬-૩-૯૪ | ૧૧૫૦૦ | મેથો. | કુંવારી |
| ૫૦૬ | એમ.કોમ.એલએલબી. સીએસ(ઇંગ્લીંસ મીડી.) | ૨૯-૫-૮૯ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૦૭ | એમ.એસ.સી.(મેથ્સ) | ૨૯-૧-૮૮ | ૧૨૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૭ | એમ.એ. પીજીડીસીએ | ૭-૭-૮૦ | ૨૧૭૫૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૮ | ૧૦ ફેલ | ૫-૭-૯૮ | - | આર.સી. | કુંવારી |
| ૫૩૯ | પી.ટી.સી.બી.એ. | ૮-૬-૮૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૦ | જી.એન.એમ. | ૨૪-૨-૮૮ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૪૧ | પી.ટી.સી.એમ.એ. ટેટપાસ | ૨૪-૧૨-૯૦ | ૮૦૦૦ | સા.આર્મી. | કુંવારી |
| ૧૯૬ | એમ.એ.બીએડ.એમએડ,એમ.ફીલ. | ૫-૩-૭૨ | ૪૨૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૧૯૭ | બી.કોમ. | ૧૦-૩-૬૯ | ૧૦૦૦૦ | સીએનઆઇ | કુંવારી |
| ૧૯૮ | બી.એ. ઈઝરાયેલ | ૯-૭-૮૮ | ૭૦૦૦૦ | સીએનઆઇ | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.

(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઇપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

(૫)visit by appointment only

# ભારત વિશ્વમાં મહિલાઓ માટે ખતરનાક દેશ છે : સર્વેમાં ચોકાવનારુ તથ્ય

થોમસ રોયટર્સ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણમાં ભારત વિશે ચોકાવનારુ તથ્ય બહાર આવ્યુ છે.થોમસના સર્વેક્ષણમાં ભારતને મહિલાઓ માટે દુનિયાનો સૌથી વધુ ખતરનાક દેશ ગણવામાં આવ્યો છે. સર્વેક્ષણ અનુસાર ભારતમાં ૨૦૧૬માં બળાત્કારના ૪૦ હજાર કેસો નોધાયા છે. જે હજુ સુધી દુનિયાભરમાં ક્યાંય બન્યા નથી.ગૃહયુધ્ધથી તબાહ થયેલા સીરીયા અને અફઘાનિસ્તાન કરતાં પણ ભારતની હાલત અત્યંત કફોડી છે.આ સર્વેમાં મહિલાઓના અધીકાર માટે કામ કરનાર ૫૫૦ નિષ્ણાંતો સામેલ થયા હતા.આ નિષ્ણાંતોને ૧૯૩ દેશોમાંથી ટોપ ૧૦ દેશોને રેન્ક આપવાનું કહેવામાં આવ્યુ હતું.જેમાં ભારતને ટોચના ક્રમે રાખવામાં આવ્યું.૨૦૧૨ના નિર્ભયાકાંડ દેશમાં આક્રોશ ફાટી નિકળ્યો હતો જે પછી સરકારને મહિલા સુરક્ષા અંગેના કાયદાઓ કડક બનાવવાની ફરજ પડી હતી.તેમ છતાં પણ આજદિન સુધીમાં મહિલા સુરક્ષાને નામે ઝાઝો કંઇ ફરક પડ્યો નથી. ઉલટાની હાલત કફોડી બની છે.સર્વેક્ષણમાં અફઘાનિસ્તાનને બીજા નંબરે અને પાકિસ્તાને છઠ્ઠા નંબરે રાખવામાં આવ્યું છે.

તમામ કાયદાઓ અમલી હોવા છતાં પણ મહિલાઓની સામે ગુનાખોરી વધી રહી છે. એનસીઆરબીના નવા આંકડાઓ એવું દર્શાવી રહ્યા છે કે ૨૦૧૬ના વર્ષમાં દેશમાં બળાત્કારના લગભગ ૪૦ હજાર કેસો બન્યા હતા એટલે કે એક કલાકમાં સરેરાશ ચાર અને રોજની ૧૦૬ ઘટનાઓ.દર ૧૦ પીડીતાઓમાંથી ચાર સગીર હતી.૨૦૦૭થી ૨૦૧૬ સુધી મહિલાઓની સામે થનાર ગુનાઓમાં ૮૩ ટકાનો વધારો થયો છે.હજુ હમણાં જ થયેલા કઠુઆ અને ઉન્નાવ બળાત્કાર કાંડના આંતરરાષ્ટ્રીય સ્તરે પડઘા પડ્યા હતા.

પશ્ચિમ બંગાળમાં મહિલાઓની હાલત બદથી બદતર બનેલી છે.પશ્ચિમ બંગાળમાં મહિલાઓની સામે થનાર ગુનાઓના મામલે સમગ્ર દેશમાં પહેલા સ્થાને છે.૨૦૧૬માં અહી મહિલાઓની સામે ૩૨૫૦૦ ગુનાખોરીના કેસો નોધાયા હતા. મહિલાઓની તસ્કરી મામલે પણ બંગાળ ટોચના ક્રમે છે.રાજ્ય સરકારનું એવું કહેવું છે કે ગામડાઓમા ગરીબી,બેરોજગારીને કારણે લોકો દલાલોની ચુંગાલમાં ફસાઇને તેમની પુત્રી બહેનોને તેમની સાથે મોકલી આપે છે.પાછળથી આ મહિલાઓ લાપત્તા બને છે.

# કાશ્મીર સમસ્યાને ઉકેલવા મોદી પાસે કોઇ નક્કર નીતિ ન જનથી : અરુણ શૌરી

પુર્વ કેન્દ્રીય મંત્રી સૈફુદીન સોઝના કાશ્મીર પરના પુસ્તક અને સોઝના નિવેદનોને હાથો બનાવીને ભાજપ કોંગ્રેસ પર માંછલા ધોઇ રહ્યુ છે. ત્યારે આ પુસ્તકના વિમોચન પ્રસંગે ભાજપના નેતા અરુણ શૌરીએ ભાજપને આડે હાથે લેતા કહ્યુ હતું કે સર્જીકલ સ્ટ્રાઇક પર કટાક્ષ કરીને ફર્જીકલ સ્ટ્રાઇક કહ્યુ હતું. ચુંટણી જીતવા માટે સરકાર હિંદુ અને મુસ્લીમોમાં ભાગલા પડાવતી હોવાના તેમનાજ પક્ષ ભાજપ પર પ્રહારો કર્યા હતા.આ કાર્યક્રમમાં સોઝના નિવેદનોથી અંતર જાળવીને મનમોહનસિંહે અને ચિદમ્બરમ કે ગુલામનબી આઝાદ હાજર રહ્યા નહોતા.

શૌરીએ કહ્યુ હતું કે મોદી સરકાર પાસે કાશ્મીર,પાકિસ્તાન,ચીન કે બેન્કો માટે કોઇ નક્કર નીતિ નથી.શૌરીએ કોંગ્રેસના નેતાઓ પર કટાક્ષ કર્યો હતો અને કહ્યુ હતું કે અમિત શાહના કહેવાથી નેતાઓ ડરી ગયા છે કેશું ?સરકાર પર આરોપ લગાવતાં તેમણે કહ્યુ હતું કે સરકાર સબ કા સાથ સબકા વિકાસ સાધવામાં નિષ્ફળ રહી છે તેથી હવે હિંદુ અને મુસ્લીમોમાં ભાગલા પડાવી રહી છે.સરકાર ઈવેન્ટલક્ષી અને ચુંટણીલક્ષી છે.

કાશ્મીરમાં સ્વાયતતાની વાત થોડા અંશે સાચી અને થોડા અંશે ખોટી હોવાનો તેમણે દાવો કર્યો હતો.શૌરીએ કાશ્મીર અને પુર્વોત્તર રાજ્યોની સમસ્યાને સમાન ગણાવી હતી.સરકાર સીધો સંપર્ક કરવાને બદલે સબ કોન્ટ્રાક્ટ કરે છે જે ખોટું છે.સરકાર ત્યાં જે પૈસા મોકલે છે તેમાંથી દિલ્હી અને કાશ્મીરના અધીકારીઓ પૈસા વહેંચી લે છે. સોઝે સીમ પર પાંચ કી.મી.માં વસવાટ કરતા લોકોને અન્ય સ્થળે વસાવવા જમીન ફાળવવાની વાત કરી હતી જેને શૌરીએ આવકારી હતી.

કાશ્મીરના લોકોની અગ્રતા આઝાદી છે અને સરદાર પટેલ કાશ્મીર પાકિસ્તાનને આપવા માંગતા હતા તેવા પોતાના નિવેદનથી અંતર જાળવ્યું હતું.અને આ વિવાદ મીડીયાએ સર્જ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.સોઝે કહ્યુ કે કાશ્મીર ક્યારેય પાકિસ્તાનનો હિસ્સો બની શકે નહીં.ત્યાં આઝાદી પણ સંભવ નથી.તેમણે કહ્યુ હતું કે હું પરવેઝ મુશરફનો પ્રતિનિધિ નથી.મુશરફે સોઝના નિવેદનને સમર્થન આપતાં વિવાદ જાગ્યો હતો.સરકારે લોકોની વચ્ચે જઇને બંધારણને આધારે સમસ્યા ઉકેલવી જોઇએ.

### જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૯, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૯- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# પાસપોર્ટ મેળવવા માટેના નિયમો સરળ બનાવાયા.મોબાઇલ એપ દ્વારા પાસપોર્ટની અરજી, ઘેર બેઠા ડિલીવરી

સરકાર દ્વારા નાગરિકો માટે પાસપોર્ટ મેળવવા માટેના નિયમો હવે વધુ સરળ બનાવાયા છે.અનેક બિનજરુરી નિયમોને રદ કરી દેવાયા છે.તેથી આમ આદમી માટે પાસપોર્ટ મેળવવાનું સરળ બનશે.હવે ઘેર બેઠા મોબાઇલ એપ્સ પર દેશમાં કોઇપણ સ્થળેથી પાસપોર્ટ મેળવવા માટેની અરજી કરી શકશે.અરજીમાં દર્શાવેલ સ્થળે પોલીસ દ્વારા ઘેર આવીને પોલીસ વેરીફીકેશન કરશે. તમામ પ્રક્રિયા પુરી થયા પછી ઘેર બેઠા બેઠા પાસપોર્ટની ડીલીવરી કરવામાં આવશે.ડીજીટલ ઈન્ડીયા ઝુંબેશ હેઠળ વિદેશ મંત્રાલયે પાસપોર્ટ સેવા દિવસ નિમિત્તે હળવા નિયમોની જાહેરાત કરી હતી.આ સાથે પાસપોર્ટ એપ પણ જારી કરાઇ હતી.દેશમાં હાલમાં ૩૦૭ પાસપોર્ટ સેવા કેન્દ્રો કાર્યરત છે.દરેક લોકસભા મતવિસ્તારમાં પાસપોર્ટ કેન્દ્ર ખોલાશે. જેથી લોકો આસાનીથી પાસપોર્ટ કઢાવી શકશે.૪વર્ષમાં સરકારે નવા ૨૧૨ પાસપોર્ટ સેવા કેન્દ્રો શરુ કર્યા છે.

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે કહ્યુ હતું કે પાસપોર્ટ મેળવવા માટે લોકોને પડતી અનેક મુશ્કેલીઓ દુર કરવામાં આવી છે.હવે પાસપોર્ટ મેળવવા મેરેજ સર્ટીફીકેટની જરુર પડશે નહીં.લોકોને સરળતા રહે તેવા નિયમો બનાવવામાં આવ્યા છે.પાસપોર્ટ બનાવવા લોકોને જન્મતારીખનો દાખલો આપવામાં બહુ મુશ્કેલીઓ પડતી હતી.જે હવે દુર કરાઇ છે.આને માટે જન્મનું પ્રમાણપત્ર માંગવામાં આવતું હતુ પણ હવે જન્મતારીખ માટે ૭-૮ એવા કાગલો સામેલ કરાયા છે જેથી લોકોની મુશ્કેલીઓ દુર કરી શકાય.હવે આધારકાર્ડ કે ડ્રાઇવીંગ લાયસંસ કે સરકાર માન્ય એવા કોઇ જ પુરાવા પર લખેલી જન્મતારીખને માન્ય રાખવામાં આવશે.

અનાથાલયના બાળકો માટે ત્યાંના સંચાલકો જે જન્મતારીખ આપશે તે માન્ય રખાશે.સાધુ અને સંન્યાસીઓ માટે તેમના માતાપિતાના નામને બદલે તેમના ગુરુનું નામ માન્ય ગણાશે. છુટાછેડા લીધેલી પત્નીને પાસપોર્ટની અરજી માટે હવે તેના પુર્વ પતિનું નામ પુછવામાં આવશે નહીં. આમ સંન્યાસીઓ તેમજ છુટાછેડા લીધેલી મહિલાઓને રાહત અપાઇ છે.

# બેકારીના ૩૦ દિવસ પછી પીએફની ૭૫ ટકા રકમ ઉપાડી શકાશે : ઇપીએફનો નિર્ણય

નિવૃત ફંડ સંસ્થા ઇપીએફઓ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે તેના તમામ સભ્યોને બેકાર થયાના એક મહિના પછી તેની જમા થયેલી પીએફની રકમના ૭૫ ટકા રકમ ઉપાડવા ની છુટ આપવી.ઇપીએફઓના સભ્યો બેકારીના ૨ મહિના પછી પીએફની બાકીની ૨૫ ટકા રકમ પણ ઉપાડી શકશે અને પીએફના ખાતાનું ફાઇનલ સેટલમેન્ટ કરી શકશે.એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ સ્કીમ ૧૯૫૨ હેઠળ આ નવી જોગવાઇ દાખલ કરવામાં આવશે તેમ કેન્દ્રીય શ્રમ મંત્રી સંતોષકુમારે જણાવ્યુ હતું.તેઓ ઇપીએફઓ સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝના ચેરમેન પણ છે.

હાલની જોગવાઇ મુજબ ઇપીએફઓના સભ્ય ૨ મહિના બેકાર રહ્યા પછી એક જ તબક્કે તેનો પુરેપુરો પીએફ ઉપાડી શકે છે.આ જોગવાઇનો હેતુ એ હતો કે ફરી નોકરી મેળવ્યા પછી ખાતેદાર ઇપીએફઓમાં તેનું ખાતુ ચાલુ રાખી શકે અને નવી નોકરીમાં કપાતો પીએફ તેના ખાતામાં જમા કરી શકે. ટ્રસ્ટ દ્વારા એક્સચેન્જ ટ્રેડેડ ફંડની મુદત વધુ એક વર્ષ લંબાવવામાં આવી છે. જેની મુદત ૧ જુલાઇ,૨૦૧૯ સુધી રહેશે.જ્યારે ફંડ મેનેજર્સની મુદત ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ સુધી લંબાવાઇછે.ઇપીએફઓનું ઇટીએફમાં રોકાણ ૧ લાખ કરોડની સપાટી વટાવી ગયું છે. આ વર્ષે મે મહિનાના અંત સુધીમાં રુ.૪૭૪૩૧.૨૪ કરોડનું રોકાણ કરાયું છે. જેના પર ૧૬.૦૭ ટકા વળતર મળ્યુ છે.

શાર્કનું આયુષ્ય ૧૦૦ વર્ષ કરતાં વધુ હોય છે.

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઇશારો કરવા માટે કરે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ટ્રમ્પની ઇમિગ્રેશન નીતિ સામે અમેરિકામાં વિરોધનો વંટોળ ફાટ્યો : સરકાર સામે હજારો લોકો સડક પર

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ ઈમીગ્રેશન નીતિ સામે વિરોધ જાહેર કરવા માટે દેશના સંખ્યાબંધ શહેરોમાં ભારતીય સમુદાય સહિત વિવિધ સમુદાયના હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.ટ્રમ્પની આ વિવાદાસ્પદ નીતિને કારણે જે ગેરકાયદે ઈમિગ્રન્ટસના બાળકોને પણ પોતાના માતપિતાથી દુર થવાની નોબત આવી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રની ઝીરો ટોલરન્સ નીતિને કારણે અમેરીકી સરહદે ગેરકાયદે ઈમીગ્રન્ટસ માતા-પિતા કે વાલીથી તેમના ૨૦૦૦ બાળકોને અલગ થવાનો વારો આવ્યો છે.

તે સહિતના મુદ્દે ટ્રમ્પની ઈમીગ્રેશન નીતી સામે વિરોધ વંટોળ સર્જાયો છે.વ્હાઈટ હાઉસ નજીકના બગીચામાં સેકડો લોકો વિરોધ દેખાવો માટે ઉમટ્યા હતા. અમેરિકાના વિવિધ શહેરોમાં પણ ખાસ કરીને ડેમોક્રેટ પાર્ટીના નેતા અને માનવ અધિકાર જુથોના નેતૃત્વમાં આજ પ્રકારે વિરોધ દેખાઓ થયા હતા. દેખાવકારો માંગણી કરી રહ્યા હતા કે ઈમીગ્રેશન નીતિ માનવીય હોવી જોઈએ.અને કોઈપણ સંજોગોમાં ગેરકાયદે સરહદ પાર કરનારા વાલીઓથી પણ તેમના બાળકોને દુર કરવાની જોગવાઈ હોવી જોઈએ નહીં.સીએનએનના હેવાલ મુજબ મુખ્ય રેલી વોશિંગ્ટનમાં યોજાઈ હતી.પરંતુ ન્યુયોર્ક,ફિલાડેલ્ફીયા,શિકાગો,મિલવોકી, ડેનવર,મિયામી,સેન્ટ લુઈસ,સાન ફાંસિસ્કો અને લોસ એન્જલસ જેવા કેટલાય શહેરોમાં વિવિધ પ્રદર્શનો યોજાયા હતા.વોશિંગ્ટનમાં યોજાયેલી રેલી લાફેટ ચોકથી વ્હાઈટ હાઉસ સુધી નીકળી હતી.આ રેલીમાં લોકોએ શરમ કરો શરમ કરોના નારા લગાવ્યા હતા.એટલાન્ટામાં પ્રદર્શન કરનારાઓએ હાથમાં પિંજરુ રાખ્યુ હતું. જેમાં એક ઢીંગલીને પુરવામાં આવી હતી.

ટ્રમ્પ આગ્રહપુર્વક કહી રહ્યા છે કે ગેરકાયદે સરહદ પાર કરનારા સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવી જોઈએ. ગેરકાયદે સરહદ પાર કરનારાને હદપાર કરવા જોઈએ.વોશિંગ્ટન ખાતે યોદાયેલી રેલીમાં ભાગ લેતા ભારતીય મુળના અમેરિકી કોગ્રેસમેન પ્રેમિલાએ જણાવ્યુ હતું કે ટ્રમ્પ ઝીરો ટોલરન્સ નીતિ છોડે તે સમજાવવા વિરોધ થઈ રહ્યો છે.વિવિધ સંગઠનોએ સાથે મળીને આ રેલીનું આયોજન કર્યુ હતું. જયપાલે એક રેલીમાં ભાગ લેતા જણાવ્યુહતું કે વાલીઓથી અલગ થયેલા બાળકોને પાંજરામાંથી મુકત કરીને માતાપિતા પાસે રાખવા જોઈએ.અમેરિકી અધિકારીઓ દ્વારા ગેરકાયદે ઈમીગ્રન્ટરની ધરપકડ બાદ ૨૩૦૦ જેટલા બાળકોને તેમના માતાપિતાથી અલગ રાખવામાં આવ્યા છે.

## વિદેશી રોકાણકારોએ ૨૦૧૮માં ભારતમાંથી રુ.૪૮,૦૦૦કરોડનું રોકાણ પાછુ ખેચ્યું

વિદેશી રોકાણકારોએ ૨૦૧૮ના પહેલા છ મહિનામાં દેશના મુડીબજારોમાંથી સૌથી વધુ રુ.૪૮,૦૦૦કરોડનું રોકાણ પાછું ખેચ્યુ છે. છેલ્લા ૧૦ વર્ષમાં ફોરેન પોર્ટફોલીયો ઈન્વેસ્ટર્સ દ્વારા જંગી રોકાણ પાછુ ખેચવામાં આવ્યાની આ પહેલી ઘટના છે.ક્રુડ ઓઈલના ઉંચા ભાવ,રુપીયા સામે ડોલરની મજબુતાઈ,વિદેશી બજારોમાં મળતા ઉંચા વળતર અને અમેરિકા અને ચીન વચ્ચે છેડાયેલા ટ્રેડ વોરની ભારત બજારોમાં પડેલી માઠી અસરોનું પરિણામ છે.જાન્યુ ૨૦૧૮ થી જુન ૨૦૧૮ પછી જંગી રોકાણ પાછુ ખેચવાની આ મોટી ઘટના છે.વૈશ્વિક નાણાંકીય કટોકટી વખતે વિદેશી રોકાણકારોએ ઈક્વીટી બજારમાંથી રુ.૨૪,૭૫૮કરોડની રકમ પાછી ખેચી હતી.ભારતનું સૌથી ઉંચુ આયાત બિલ ક્રુડ ઓઈલનું છે.જે દેશના અર્થતંત્રને ભારે અસરકર્તા છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




## કેનેડામાં અભ્યાસ માટે ભારતીયોને ૬૦ને બદલે૪૫ દિવસમાં વિઝા મળશે

કેનેડામાં ભારત અને અન્ય ત્રણ દેશ માટે વિઝાના નિયમોમાં રાહત આપવામાં આવી છે.વિઝા પ્રોસેસીંગના સમયમાં પણ ઘટાડો કરી દેવાયો છે.સ્ટુડન્ટ ડાયરેકટ સ્ટ્રીમ નામના પ્રોગ્રામ અંતગર્ત આ પ્રક્રિયાનો સમય ઘટાડીને ૪૫ દિવસ કરી દેવાયો છે.એટલે હવેથી ૪૫ દિવસમાં કેનેડા માટેના સ્ટુડન્ટ વિઝા મળી જશે. જે અગાઉ ૬૦ દિવસમાં મળતા હતા.ચીન,વિયેતનામ,અને ફીલીપાઈન્સ જેવા દેશને પણ આ વિઝા રાહતનો લાભ મળી જશે.કેનેડાએ વિઝા અંગેના કેટલાક નિયમો સરળ બનાવતાં કેનેડા જનારા ભારતીયોનો વધારો થશે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## કેન્દ્રએ અલ્હાબાદ હાઈકોર્ટમાં જજોની નિયુક્તિની ભલામણ બીજી વાર ફગાવી દીધી

અલ્હાબાદ હાઈકોર્ટમાં બે વકીલોને જજ તરીકે નિયુક્ત કરવાની કોલેજીયમની ભલામણને કેન્દ્ર સરકારે બીજી વાર નકારી કાઢી પરત મોકલી આપી છે.સુપ્રીમ કોર્ટના કોલેજીયમે સુપ્રીમના દિવંગત જજ સાગીર અહેમદના પુત્ર મોહમંદ મન્સુર અને બશારતઅલીના નામ કેન્દ્ર સરકારને મોકલી આપ્યા હતા.બંને અલ્હાબાદ હાઈકોર્ટમાં વરિષ્ઠ વકીલ છે.આ બંને વકીલોની જજ તરીકેની નિયુક્તિનો મામલો છેલ્લા અઢી વર્ષથી પડતર છે.કેન્દ્ર સરકારે જણાવ્યુ હતું કે સરકારને બંને ઉમેદવાર સામે ઘણી ફરિયાદ મળી છે.પરંતુ સુપ્રીમ કોર્ટના કોલેજીયમે તેમની સામેની ફરિયાદોને નજીવી ગણી છે.સુપ્રીમ કોર્ટના કોલેજીયમમાં સામેલ પાંચ જજમાંથી જસ્ટીસ જે. ચેલમેશ્વર નિવૃત થતાં હવે સુપ્રીમ કોર્ટ કોલેજીયમમાં નવા સભ્યની નિયુક્તિ કરવાની છે.માનવામાં આવે છે કે ત્યારબાદ જજોની નિયુક્તિ માટે નવા નામો પર વિચારણા કરાશે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટમાં જજની નિયુક્તિ માટે નાઝીર અહેમદ બેગના નામની ભલામણ નામંજુર કરી દીધી છે.જ્યારે અન્ય ૩ વકીલ વસીમ સાદિક નારગીલ,સિધું શર્મા અને રાશિદઅલી ડારની નિયુક્તિને મંજુરી આપી છે.કેન્દ્ર સરકારે નાઝીર અહેમદ બેગનું નામ પાછું મોકલવા માટે કોઈ કારણ આપ્યું નથી.

## ૧૦ શહેરોમાં પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટની અરજી લેવાશે

જે પ્રકારે નવા પાસપોર્ટ કઢાવવા રિન્યુ કરાવવા માટે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે તેનો નિકાલ કરવા ઝડપથી થઈ શકે તે હેતુથી હવે રાજયમાં દસ જગાએ પોસ્ટ ઓફીસમાં પાસપોર્ટ સેવા કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. જેના કારણે લોકોને અમદદાવાદ સુધી ધક્કા નહીં ખાવા પડે.વેકેશનમાં શનિવાર અને રવિવારના રોજ પણ પાસપોર્ટ માટે એપોઈમેન્ટ આપીને કચેરીઓ ચાલુ રાખવામાં આવી હતી.અમદાવાદની રિજીનલ પાસપોર્ટ ઓફિસમાં રોજની ૩૮૦૦ અરજીઓ પાસપોર્ટ મેળવવા માટે આવી રહી છે. જે પૈકી મહિનામાં બે હજાર જેટલા પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવે છે.જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬ લાખ જેટલા પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવ્યા છે.ડોક્યુમેન્ટ સબમીટ કરવામાં ભુલો થઈ હોવાના કેસમાં અરજદારને મેલ કરીને ડોક્યુમેન્ટ આપી જવા જણાવી દેવામાં આવે છે.ત્યાર બાદ તુરત પાસપોર્ટ ઈશ્યુ કરી દેવામાં આવે છે. અમદાવાદ રીજીનલ પાસપોર્ટ કચેરી સાથે સંકળાયેલા બે પીએસકે સેન્ટરો છે જે પૈકી એક મીઠાખળી અને વિજય ચાર રસ્તા નજીક આવેલા છે. અમદાવાદ સિવાય મહેસાણા, પાલનપુર, દાહોદ,આણંદ, ખેડા, ભરુચ, વેરાવળ,જુનાગઢ, પોરબંદર પોસ્ટ ઓફીસની અંદર પાસપોર્ટ સેવા કેન્દ્ર આવેલા છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.